જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૧/૨૦૧૮ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-                                    સમાચાર યાદી નં.૨૧૯૯/૧૮

સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :

## સોલા હાઇક્રોટ પોસ્ટે ફ.ગુ.ર.નં ૩૪૩/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૯૪,૧૧૪,મુજબના કામે મુદ્દામાલ સાથે બે આરોપીઓ ને જડપી પાડતી સોલા હાઇકોર્ટ પોલીસ

મે પોલીસ કમિશ્નર સાહેબના હુકમ આધારે મે સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "એ" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તેમજ સોલા પો.સ્ટેશનના પો.ઇન્સ શ્રી ડી.એચ.ગઢવી નાઓના સીધા સુપરવિઝન હેઠળ અત્રેના સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ના પો.સ.ઇ ડી.આર.ગઢવી નાઓએ સ્ટાફના માણસો સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન તેઓની બાતમી આધારે સોલા હાઇકોર્ટ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૩૪૩/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૯૪.,૧૧૪ મુજબના કામે અરોપી નં. (૧) કીશન ઉર્ફે તરગાળો સ/ઓ જ્યંતીભાઇ નારણભાઇ બારોટ ઉ.વ.૨૨ રહે, સંતરોહીદાસ નગર જ્ય માતાજી સાઉન્ડ પાસે ચાંદલોડીયા અમદાવાદ શહેર તથા નં. (૨) ધીરજ ગણપતભાઇ પરમાર ઉ.વ.૧૯ રહે, સંતરોહીદાસ નગર ચાંદ્લોડીયા અમદાવાદ શહેર નાઓને આજરોજ તા.૧૦/૧૧/૨૦૧૮ના રોજ ઉપરોક્ત ગુનામા લુટમા ગયેલ મોબાઇલ ફોન તથા ગુનામા વપરાયેલ છરો તથા મો.સા. સાથે બંન્નેને પકડી પાડી સોલા હા પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૩૪૩/૧૮ ઇ.પી.કો કલમ ૩૯૪,૧૧૪ મુજબ નો ગુન્હો નોધાયેલ હોય જેથી સદર લુંટનો ગુનો મુદ્દામાલ સાથે શોધી કાઢી ગુન્હા નો ભેદ ઉકેલી કાઢતી સોલા હાઇકોર્ટ પોલીસ.

**<u>સરખેજ પોલીસ સ્ટેશન :</u>**

પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી સરખેજ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની સુચનાથી સર્વેલન્સ સ્ક્વોડનાં પો.સબ.ઇન્સ. કે.આર. ચૌધરી નાઓ તેઓનાં સ્ટાફનાં માણસો સાથે વાહનચોરી તેમજ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલિંગમાં હતા દરમ્યાન પો.કોન્સ. હિતેન્દ્રસિંહ ફતેસિંહ બ.નં. ૪૦૮૭ તથા પો.કોન્સ. પ્રફુલભાઇ કેશરાભાઇ બ.નં. ૭૪૮૩ નાઓની બાતમી આધારે મકરબા હેડક્વાર્ટર ચારરસ્તા પાસેથી જાહેર રોડ ઉપર થી આરોપીઓ નામે (૧)દશરથ ઉર્ફે જાડીયો ભગવાનભાઇ જાતે સોલંકી ઉ.વ. ૨૭ રહે મકરબા ગામ રામદેવનગર બળીયાદેવ મંદિરની સામે આંબેડકરનગર વિભાગ-૧ મકરબા અમદાવાદ તથા નં(૨)જયેશ ઉર્ફે બુલી દમાજી જાતે ઠાકોર ઉ.વ. ૨૭ રહેવાસી મકરબા ગામ ઝાલાપગીનો વાસ મકરબા અમદાવાદ નાઓને એક કાળા કલરના નંબર વગરનાં એક્ટીવા કિંમત રૂપિયા ૨૦,૦૦૦/-ની સાથે બાતમી આધારે પકડી તેઓની પાસેથી મળી આવેલ એક્ટીવા કબજે કરી આનંદનગર પોલીસ સ્ટેશનના ફસ્ટ.ગુ.ર. નંબર ૧૬૦/૨૦૧૮ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય આરોપીઓને તારીખ ૧૦/૧૧/૨૦૧૮ ના કલાક ૨૨/૧૫ વાગે સી.આર.પી.સી-૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરી તેની પાસેથી મળી આવેલ વાહન કબજે કરી ગુનો શોધી કાઢવામાં આવેલ છે.

**<u>શાહીબાગ પોલીસ સ્ટેશન :</u>**

આજરોજ તા.૧૦/૧૧/૨૦૧૮ ના રોજ અમો તથા સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. શ્રી વી.પી.મકવાણા તથા સ્ટાફના માણસો સાથે મે.અધિક પોલીસ કમિશનર શ્રી, સેકટર-૨, તથા મે.નાયબ પોલીસ કમિશનર શ્રી, ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી, "એફ" ડિવિઝન નાઓના માર્ગદર્શન હેઠળ શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૩૦૮/૨૦૧૮ ઇપીકો કલમ ૩૦૨, ૩૨૩, ૨૯૪(ખ), ૩૪, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના નાસતાં ફરતાં આરોપી નં.(૧) પ્રકાશ ઉર્ફે રાજા ઉર્ફે પ્રિયાંશ S/O પ્રવિણભાઈ રામજીભાઈ જાતે.પરમાર ઉ.વ.૨૦ ધંધો.અભ્યાસ/નોકરી રહે.એલ-૪૮/૫૭૪, વિશાલ એપાર્ટમેન્ટ, બાલકૃષ્ણ ફલેટ ની સામે, કૃષ્ણનગર, નરોડા રોડ, અમદાવાદ શહેર મુળવતન: ગામ: વિસલપુર ચમારવાસ તા.કડી જિલ્લો મહેસાણા તથા નં.(૨) બકુલ S/O મહેન્દ્રભાઇ શિવરામભાઇ વાઘેલા ઉ.વ.૨૨ ધંધો.નોકરી રહે.મ.નં.૪૦, સંતોષીનગર, મોનોગ્રામ ચોકીની બાજુમાં રખીયાલ, અમદાવાદ શહેર. મુળવતન ગામ.લાડોલ, તા.વિજાપુર, જી.મહેસાણા નાઓની તપાસમાં હતા દરમ્યાન અમારી સાથેના પો.કો. બીપીનચંદ્ર ખુશાલદાસ બ.નં.૮૯૩૧ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે ઉપરોકત બન્ને આરોપીઓને આજરોજ તા.૧૦/૧૧/૨૦૧૮ ના કલાક ૧૮/૧૫ વાગે પકડી અટક કરવામાં આવેલ છે.

## કારંજ પોલીસ સ્ટેશન :

અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન મિલ્કત સંબંધી ગુના શોધી કાઢતી કારંજ પોલીસ ની સર્વેલન્સ સ્ક્વોર્ડની સફળ કામગીરી

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ સાહેબ તથા મે.એ.સી.પી.શ્રી 'સી' ડિવીઝનનાઓની સુચનાથી કારંજ પોલીસ ઈન્સપેક્ટર શ્રીએમ.એ.તળપદા સાહેબના માર્ગદર્શન હેઠળ કારંજ પો.સ્ટેના સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. એસ.જે.ચાવડા તથા હે.કો બાબુભાઈ હોથાભાઈ બ.ન ૮૮૪૧ તથા પો.કો સંકેતસિંહ કરણસિંહ બ.નં ૯૫૯૯ તથા પો.કો કલ્પેન્દ્રસિંહ ચન્દ્રસિંહ બ.નં.૪૪૩૯ નાઓ સાથે તા.૧૦/૧૧/૨૦૧૮ના રોજ પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન ચાંદશહીદ દરગાહ પાસે ,સરદારબાગ પાછળ ગલીમાં એક એક્ટીવા નંબર-જી-જે-૨૭-બીપી-૨૦૨૪ લઇ ત્રણ જેટલા ઇસમો રોડની સાઇડમા શંકાસ્પદ હાલતમા બેઠેલ છે વિગેરે હકીકત આધારે -(૧)સૈફ સ/ઓ યુસુફ કુરેશી ઉ.વ.૨૨ રહે: ટી-૨.ખાતુન એપાર્ટમેન્ટ,મિર્ઝાપુર,અમદાવાદ (૨) ફરહાન સ/ઓ ઉસ્માનગીરી શેખ ઉ.વ.૨૪ રહે: ૧૪૪૫, બગદાદ બિલ્ડીંગ,મિર્ઝાપુર,અમદાવાદ (૩) ઇસ્માઇલ ઉર્ફે અજ્જુ સ/ઓ ઇબ્રાહીમભાઇ કુરેશી ઉવ ૨૫ રહે એચ /૨૨૩ સંકલિત નગર જુહાપુરા અમદાવાદ નાઓ મળી આવતાં જેઓની પંચો રુબરુ યુક્તિ પ્રયુક્તી પુર્વક પુછ પરછ કરતાં પોતે તા.૮/૧૧/૧૮ ના રોજ રાત્રીના સાડાનવ વાગ્યાની આસપાસ નંબર-૧ સૈફ નાએ પોતાના એક્ટીવા જી-જે-૨૭-બીપી-૨૦૨૪ નું લઇ આવી નહેરુબ્રિજના છેડે સરદારબાગ સામે એક ભાઇના હાથમા રહેલ એમ.આઇ મોબાઇલ ફોનની લુટ કરી સાબરવ્યુ એપાર્ટમેન્ટ તરફ નાસી ગયેલ અને જે ફોનના માલીક પાછળ આવતા નંબર-૨ તથા ૩ નાએ ભેગા મળી પ્લાસ્ટીકની પાઇપ તેમજ લાકડીથી મોબાઇલના માલીકને માર મારી મોબાઇલની લુંટ કરી નાસી ગયેલાની કબુલાત કરતા હોય .આ બાબતે કારંજ પોલીસ સ્ટેશન ફ.ગુ .ર.નંબર--૧૧૫/૧૮ ધી ઇપીકો કલમ ૩૯૪,૨૯૪(ખ),૧૧૪ જીપીએ ૧૩૫(૧) મુજબનો ગુનો નોંધાયેલ હોય ઉપરોક્ત ઇસમો પાસેથી લુટમા ગયેલ એક એમ.આઇ કંપનીનો મોબાઇલ ફોન આશરે કિમત રુપીયા ૫૦૦૦/- તેમજ ગુનામા વાપરેલ એક્ટીવા નંબર જી--જે-૨૭-બીપી-૨૦૨૪ આશરે કિ.રુ.૪૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરી મોબાઇલની લુંટના ગુનાઓનો ભેદ ઉકેલી નાખી આરોપીને મુદ્દામાલ સાથે તા.૧૦/૧૧/૧૮ ના કલાક ૨૩/૦૦ વાગે અટક કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

આરોપીનાં ફોટાં



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.